### વૃક્ષારોપણની નવી પધ્ધતી અનુસાર યુનિ.માં બીજારોપણ કરાયું

# એમ.એસ.યુનિવર્સિટિમાં પિરામીડ આકારમાં ગાર્ડન આકાર પામશે

### મધ્યમાં કૈલાશપતિ જ્યારે જાંબુ, અર્જુન, પારસ પિપડો સહિતના અન્ય વૃક્ષો આસપાસ ઉગશે



વડોદરા, તા. ૯

પર્યાવરણ દિન નિમિત્તે મ.સ. યુનિ.માં થયેલી ઉજવણીના દિવસે બિજારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ પચાસ જેટલા બીજ વાવવામાં આવ્યા હતા. આ તમામ બીજોનું રોપણ વૃક્ષારોપણની નવી પધ્ધતિ અનુસાર કરવામાં આવ્યુ છે. જેમાં આ વૃક્ષો મોટા થતા પિરામીડ આકારના ગાર્ડનમાં તે જોવા મળશે. આ ગાર્ડનમાં મધ્યમાં કૈલાશપતિનું ઝાડ જ્યારે આસપાસ અન્ય વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

પિરામીડ ગાર્ડન એ વૃક્ષો ઉગાડવા માટેની નવી પધ્ધતિ છે. આ પ્રકારે જો વૃક્ષો ઉગાડવામાં આવે તો જમીનની ફળદ્રૂપતા પણ સારી રીતે ટકી રહે છે. માટે મહારાજા સયાજીરાવ યુનિ.દ્વારા ગત રોજ પર્યાવરણ દિવસની ઉજવણી કરાતા બિજારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પર્યાવરણ વિદ દ્વારા સેમીનાર યોજયા બાદ નવી પધ્ધતિ અનુસાર બીજારોપણ કરવામાં આવ્યું હતું. પિરામીડ આકારમાં બનાવેલા ગાર્ડનમાં વૃક્ષોની અલગ સરહદો પણ નક્કી કરી શકાશે જેથી નાના વૃક્ષો સૌથી છેલ્લા જ્યારે ભરાવદાર વૃક્ષો આગાળની હરોળમાં જોવા મળશે. આ પિરામીડ આકારના ગાર્ડનમાં મધ્યમાં કૈલાશપતિ પછીથી અનુક્રમે જાંબુ , ટેટુ , અર્જુન , મહુડો , પારસ પિપળો , સીતાફળ , કરમદા તેમજ રામફળ સહિતના વૃક્ષો ઉગશે.

## આરબોરેટમ એન્ડ મેડિસનલ પ્લાન્ટ ગાર્ડનની બાજુમાં નવુ ગાર્ડન આકાર પામશે

પિરામીડ આકારમાં નવ નિર્મિત ગાર્ડન આરબોરેટમ એન્ડ મેડિસનલ પ્લાન્ટ ગાર્ડનની બાજુમાં બનશે. આ ગાર્ડનમાં જાંબુ , કરમદા , રામફળ અને સિતાફળ જેવા ઝાડ ઉગશે જેથી સિઝન દરમ્યાન વિદ્યાર્થીઓ ઝાડ પરથી સીધાં જ ફળોની મજા માણી શકશે. પરતું ફળોની મજા માંણતા પહેલા તેની જાળવણી પણ જરુરી છે તે વિદ્યાર્થીઓએ નૈતિક ફરજ સમજીને તેનું પાલન કરવું જોઇએ.